**રે.દી.મુ.૦૩/૨૦૨૫.**

**આંક–૫ ની વચગાળાનો મનાઈ હુકમ મળવાની અરજી લગત હુકમ.**

૧. આ કામના વાદી દવારા મિલકતનું વિભાજન કરી હિસ્સો અલગ પાડી માલિકીનું જ્ઞાપન કરી આપવા તથા કાયમી મનાઈ હુકમ મળવા સીપીસી કલમ–૯,સ્પેસિફીક રીલિફ એકટની કલમ–૩૪ તથા કલમ –૩૯ મુજબ દાવો લાવી દાવા સાથે દરમ્યાન મનાઈ હુકમ મળવા હાલની અરજી લાવેલ છે. જેની ટુંકમા હકીકત નીચે પ્રમાણે છે.

૧.૧ આ કામનાં વાદીએ આજરોજ દાવો કરી અને આજ્ઞાધારક હુકમો તથા જ્ઞાપન માંગેલ છે. આ અરજીને દાવાનો ભાગ ગણી અને દાવા અરજીની હકીકત પુનરાવર્તન નિવારવા માટે વંચાણે લેવા આદેશ કરવા અરજ છે.

૧.૨ આ કામના વાદી, હરેશભાઈ જીવાભાઈના પત્ની થાય છે. આ હરેશભાઈ જીવાભાઈ સાથેના લગ્નજીવનથી વાદીને પુત્રી રૂપાંગી અને પૂત્ર કર્ષિત થયેલ છે. અને આ હરેશભાઈના પિતા જીવાભાઈ ધનજીભાઈનુ ૨૦૦૭ના અરશામા અવશાન થયેલ છે અને આ સમયે જીવાભાઈની પુત્રીઓ કાંતાબેન અને પુષ્પાબેન પરણીત હતા અને જીવાભાઈ પાસે મીલકતમા જામજોધપુર મુકામે રે. સર્વેનં. ૧૦૫૯ પૈકી ૩ હે. ૩–૮૭–૪૯ આકાર રૂા. ૨૨–૦૬ પૈસા વાળી ખેતીની જમીન ધારણ કરતા હતા. આ જમીનની ચર્તુદિશા નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ઉતર : | સુભાષભાઈ ડાયાભાઈ ખાંટની જમીન |
| દક્ષિણ : | દાંડવી તે પછી ડાયા રણમલની જમીન |
| પૂર્વ : | મનુભાઈ ખાંટ અને ભીમજીની જમીન |
| પશ્ચિમ : | બચુભાઈ શામજીની જમીન |

૧.૩ આ ખેતીની જમીન બાબતે રશીકભાઈ જીવાભાઈએ રસ્તા અંગે ૬૫/૨૦૦૮ વાળો દાવો કરેલ હતો. આ દાવો દાખલ કરેલ એ અરશામા વાદીના પતી હરેશભાઈને મારામારી થયેલ. અને તે મારામારી આ રસ્તાના કારણે થયેલ આ દાવામા પ્રતિવાદી હાજર ન

રહેતા રસીકભાઈ તરફે જજમેન્ટ આવેલ અને રસ્તા અંગે વિવાદ હતો તે રસ્તો પ્રતિવાદીઓનો નથી તેવું ઠરાવી લક્ષ્મણભાઈ અને તેના બે પુત્રો રમેશભાઈ અને વિનોદભાઈ ની વિરૂધ્ધ જામજોધપુર કોર્ટે કાયમી મનાઈ હુકમ આપેલ છે. આ જમીન પ્રતિવાદી નં. ૧,૨ અને ૫ નાં નામે ચાલે છે અને આ જમીનમાં હરેશભાઈએ વાદીની જાણ બહાર વર્ષ–૨૦૦૯–૧૦ માં પોતાનો હકક ઉઠાવી લીધેલ છે. આ જમીન બાબતે કોઈ વિવાદ નથી.

૧.૪ આ દિ.મુ.નં. ૬૫/૨૦૦૮ના સમયે હરેશભાઈ રસીકભાઈની સાથે રહેતા હતા અને આ પછી આ હરેશભાઈએ રૂપાંગીના ખાતામાં તેના નાના બાપુએ મુકેલા તે રૂપિયા એક લાખ હરેશભાઈએ ઉપાડીને રફેદફે કરી નાખેલા અને આ બાબતે ઘરકંકાશ કરી વાદીના સ્ત્રીધનના આઠ તોલા સોનાના દાગીના લઈ હરેશભાઈએ ગૃહ ત્યાગ કરેલો. આ બાદ હરેશભાઈએ વાદીની સાર સંભાળ લીધેલ નથી. કે ૨૦૦૮ પછી હરેશભાઈ વાદી કે તેના સંતાનો સાથે રહેલ નથી.

૧.૫ હરેશભાઈના હિસ્સાની ખેતીની જમીન જામજોધપુર તાલુકાના વસંતપુર ગામના જુના રે. સર્વે નં. ૨૬ પૈકી ૧ જેના નવા રે. સર્વે નં. ૨૮૨ હે. ૧–૫૯–૮૭ વાળી વડીલો પાર્જીત ખેતીની જમીન જીવાભાઈ પાસેથી આવેલી. અને જીવાભાઈના વારસોએ આ જમીન માંથી પોતાનો હકક ઉઠાવી લીધેલો. આમ આ વડીલો પાર્જીત જમીનમા વાદી અને વાદીના બે સંતાનો તથા હરેશભાઈનુ સંયુકત હીત આવેલુ છે. જેનુ રેવન્યુ રેકર્ડ હરેશભાઈના નામે ચાલે છે. જેનો કબજો ભોગવટો વાદીનો છે. તે જમીનની ચર્તુદિસા નીચે મુજબ છે.

ઉતર : રમેશભાઈ ગોવિંદભાઈ ખાંટની જમીન

દક્ષિણ : વિનોદ વજશીની જમીન

પુર્વ: કીરીટભાઈ સંતોકીની જમીન

પશ્ચિમ : ભાવેષ બાવનજી અને વિજય ગઢવીની જમીન

૧.૬ હરેશભાઈને વાદીએ છેલ્લા આઠેક વર્ષથી જોયેલ નથી કે કયાંય આવેલાનુ સાંભળેલ નથી. હરેશભાઈની ગેરહાજરીમા ખેતીની જમીન અને રામવાડીવાળા મકાન તથા બસ સ્ટેન્ડ વાળી દુકાન નં. ૭

વાદીનાં માલીક દરજજે કબજો ભોગવટો છે. પરંતુ રશીકભાઈ પાસે દાવા સમયનુ હરેશભાઈનુ કુલ મુખત્યાર નામુ પડેલ છે અને વાદીને હેરાન પરેશાન કરવા આ મુખત્યારનામાનો ગેરઉપયોગ કરી અને વાદીની જમીન ઝુટવી લેવા આ રશીકભાઈ હીત સબંધ ન હોય તેવા આશામીઓને મીલકત તબદીલ કરી નાખે અથવા રસ્તાના હક માટે કોઈ ત્રાહીત આશામીનુ હીત ઉભુ કરી રહેલ છે. આ કુલ મુખત્યાર નામુ રશીકભાઈએ હરેશભાઈની એૈયાસ જીન્દગીનો ગેર ઉપયોગ કરી આ મુખત્યારનામુ વાદીના હીત વિરૂઘ્ધ ઉભુ કરી લીધેલ છે.

૧.૭ પ્રતિવાદી નં.૩ નું કુલમુખત્યારનામું રસીકભાઈ જોગ અપાયેલ છે અને પ્રતિવાદી નં.૩ ની ગેરહાજરીમાં રસીકભાઈ પ્રતિવાદી નં.૩ ની મિલકતમાં અને તેના ભોગવટા અને વહીવટમાં હસ્તક્ષેપ કરતાં હોવાની હકીકત રસીકભાઈ તરફથી ત્રાહીત આસામીનો રસ્તાનો હકક ઉભો કરવા પોતે રૂા. બે લાખ લઈ લીધેલ છે તેવી ધમકી આવતા અને આ મુખત્યારનામાનાં આધારે રસ્તો લખી દેવા પ્રવૃત થતા અને આ મુખત્યારનામું રસીકભાઈએ જામજોધપુર કોર્ટમાં દિ.મુ.નં. ૬૫/૨૦૦૮ નાં કામે ઉપયોગમાં લીધેલ છે તેની નકલો મળતાં હરેશભાઈની ગેરહાજરી અને અનહર્ડ સ્થિતિમાં મિલકતનાં માલીક વાદી અને તેના બે સંતાનો છે.

૧.૮ આ કામનાં પ્રતિવાદી નં.૩ ને હાજર કરી વાદીનાં ભોગવટાની ખેતીની જમીનમાં ત્રાહીત આસામીનો રસ્તાનો હકક ઉભો કરેલ અને પ્રતિવાદી નં. ૧ વાદીનાં કુટુંબ કલેશનો ફાયદો લઈને રસ્તાનાં નામે નાણાં ઓળવી જાય અને પ્રતિવાદી નં.૩ નં.૧ નાં નિયંત્રણ તળે અને પ્રતિવાદી નં.૧ ની લાઈન દોરી નીચે વાદી અને તેના સંતાનોનો ત્યાગ કરી ગયેલ છે. જે હરેશભાઈની ગેરહાજરીમાં આઠ વર્ષ કરતાં વધુ સમય થયા વાદીનાં કુટુંબની આજીવીકાનો આધાર છે.

૧.૯ આ મકાન વાદી ભોગવે છે અને મકાનમાં આવેલ વિજજોડાણ હરેશભાઈનાં નામનું છે અને આ પ્લોટ તથા મકાનનાં વિભાજન વખતે જમનભાઈને પુર્વ તરફનો હીસ્સો તથા પશ્ચિમ તરફનો હીસ્સો હરેશભાઈનો ઠરાવી તે મુજબ મકાન હરેશભાઈ અને જમનભાઈના

અલગ પાડેલ છે. તે વખતે રસીકભાઈને હીસ્સે પ્લોટ રામવાડી શેરી નં. ૬ માં ચો.મી. ૧૦૦.૭૨ વાળી જગ્યા આપેલી. તે રસીકભાઈએ પ્રતિવાદી નં. ૫ ને વેચાણ આપી દીધેલ છે. આમ, રામવાડી વાળા મકાન અને વસંતપુરમાં આવેલી ખેતીની જમીન હરેશભાઈની વિભાજન પછીની સ્વતંત્ર મિલકત છે. જે વાદી માલીકની રૂએ ભોગવે છે.

૧.૧૦ આમ, ત્રાહીત આસામીને વેચેલી પાંચ દુકાન અને હરેશભાઈની દુકાન નં. ૭ નો બાદ કરતાં સીડી રૂમ સહિત સાત દુકાનો અને તેની અગાસી તથા તેના પાછળનાં ખુલ્લા પ્લોટમાં વાદીઓ હરેશભાઈ મારફતે માલીકી કલેઈમ કરે છે. પરંતુ આ હરેશભાઈની ઐયાસ જીંદગીનું અને દારૂની લતનો ગેરઉપયોગ કરી અને પ્રતિવાદી નં. ૧,૨ એ વાદીનાં હીત વિરૂધ્ધનો બીનઅવેજી રીલીઝ ડીડ ક્રમ નં. ૧૦૪૦ તા. ૧૯/૦૯/૨૦૨૦ નું કરાવી લીધેલ છે. જે કહેવાતી વહેચણી અને રીલીઝ ડીડ હરેશભાઈની અનિયંત્રીત જીવન શૈલીનાં કારણે વાદી અને તેનાં સંતાનોના હીત વિરૂધ્ધ ઉભું થયેલ છે. ૨૦૨૦માં હરેશભાઈ જામજોધપુરમાં હતા જ નહી. આમ, આ દસ્તાવેજ કોઈ છળકપટથી ઉભો થયેલો, વ્યર્થ દસ્તાવેજ છે. જે દસ્તાવેજ સેટ–એ–સાઈડ કરવો આવશ્યક અને જરૂરી છે.

૧.૧૧ રસીકભાઈએ વસંતપુરની જમીનમાં રસ્તાનો હકક મુખત્યારનામાના આધારે ત્રાહીત આશામીને વેચાણ આપી ત્રાહીત વ્યકિતનું હીત ઉભુ કરવા ધમકી આપતા અને તમામ પ્રતિવાદીઓએ મિલાપી થઈ અને વાદીનાં મકાનની સામે રહેતા અને મામાનાં ભુવા તરીકે ઓળખાવતા પટેલ જ્ઞાતિના આસામીઓએ વાદીને માનસિક ત્રાસ આપવા ચડાવેલ છે.

૧.૧૨ વસંતપુરની ખેતીની જમીન અને રામવાડીનું મકાન વાદી અને તેના બે સંતાનોની આજીવિકા અને આશ્રયનું સ્થાન છે અને પ્રતિવાદી નં. ૩ નો ઉપયોગ કરી તેમાં રસ્તાનાં હકકનું વેચાણ પ્રતિવાદીઓ સંયુકત, વિભકત કે મુખત્યાર દરજજે કરી આપે તો વાદીને નાણાંમાં ભરપાઈ ન થાય તેવું નુકશાન થાય તેમ છે. આ જમીનમાં ત્રાહીત આસામીનો

રસ્તાનો હકક ઉભો થાય તો વાદીને મિલકતનાં ઉપભોગમાં સતત મુશ્કેલી પડે તેમ છે અને વાદી સ્ત્રી છે તથા યુવાન પુત્રી સાથે વાદીએ ખેતર જમીનનું કામ કરવા ફરજ પડે છે અને તેમાં બહારનાં માણસોની હાજરીથી વાદીની પ્રાઈવસી ઝુંટવાઈ તેમ છે. આમ, મિલકત છેલ્લા આઠ કરતાં વધુ વર્ષ થયા માલીકની રૂએ વાદી ભોગવતા હોય, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે અને સગવડતાની તુલા વાદી તરફે છે.

૧.૧૩ આ રસ્તાનું વેચાણ ન થાય તેમાં પ્રતિપક્ષને કોઈ પુર્વગ્રહ થાય તેમ નથી કે મિલકતનાં માલીકીનાં હકકોમાં કોઈ હસ્તક્ષેપ થાય તેમ નથી. જયારે આ વેચાણ થઈ જાય તો વાદીને સમગ્ર જમીનનાં શેઢા પાડા વખાય જાય અને વાદીને પારાવાર હાડમારીનો સામનો કરવો પડે અને જમીનનું લેવલ પણ ફરી જાય અને વરસાદી પાણીનાં નિકાલમાં પણ ગંભીર પ્રશ્નો ઉપસ્થિત થાય તેમ છે. આમ, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે.

૧.૧૪ વાસ્તે, અરજી લાવી દાદ માંગવાની કે :–

(અ) વસંતપુરની રે.સ.નં. ૨૮૨ હે. ૧–૫૯–૮૭ આકાર રૂા. ૫–૪૯ પૈસાવાળી ખેતીની જમીન વાદીની કબજા ભોગવટાની અને વાદી તથા તેના સંતાનો રૂપાંગીબેન, અને કર્ષિતભાઈનાં ભરણપોષણની અને તેમની માલીકીની છે તેમાં રસ્તાનો કોઈ હકક કે અધિકાર પ્રતિવાદી નં. ૧ થી ૩ જાતે, એજન્ટ કે નોકર મારફતે વેચાણ, તબદીલ, બક્ષીસ કે હસ્તાંતરણ કરે કે કરાવે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ આપવા આદેશ કરવા અરજ છે.

(બ) કુદરતી ન્યાય અને સમન્યાયનાં આધારે મળવાપાત્ર તમામ દાદ અપાવવા આદેશ કરવા અરજ છે.

(ક) અરજીનો થયેલ તેમજ થનાર તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા આદેશ કરવા અરજ છે.

(૧૫) અરજીનાં સમન્સ નોટીસ બજે તેમાં સમય લાગે તેમ છે અને પ્રતિવાદીઓ વાદીની ખેતીની જમીનમાં રસ્તાનો અધિકાર વેચી નાંખે તેમ છે અને પ્રતિવાદી નં. ૧ એ આ માટે રૂા. બે લાખ સ્વીકારી લીધા હોવાનું વાદીનાં લક્ષે આવેલ છે અને પ્રતિવાદી નં. ૧ સતત ધાકધમકી

આપે છે. તે સંજોગોમાં એકતરફી એડઈન્ટ્રીમ ઈન્જકશન ફરમાવવા આદેશ કરવા અરજ છે.

વાદીએ પોતાના દાવા તથા અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**વાદી તરફે લેખીત દસ્તાવેજો**

| **ક્રમ** | **નિશાની** | **દસ્તાવેજોની વિગત** |
|---|---|---|
| ૧ | ૩/૧ | વહેંચણીનો દસ્તાવેજ |
| ૨ | ૩/૨ | મકાનનો વેચાણ દસ્તાવેજ |
| ૩ | ૩/૩ | જા.જો. રે.દી.મુ.નં. ૬૫/૨૦૦૮ માં રજુ થયેલ કુલ મુખત્યારનામું |
| ૪ | ૩/૪ | રે.દી.મુ.નં. ૬૫/૨૦૦૮ નું હુકમનામું |
| ૫ | ૩/૫ | ગામ નમુના નં. ૨ |
| ૬ | ૩/૬ | શીટ નં. ૧૧ , સર્વે નંબર ૩૦૩૯ નું પ્રોપર્ટી કાર્ડ |
| ૭ | ૩/૭ | શીટ નં. ૨૩ , સર્વે નંબર ૨૫૭૨ નું પ્રોપર્ટી કાર્ડ |
| ૮ | ૩/૮ | હક્ક પત્રક નોંધ નંબર ૨૨૦૭૯ ના કાગળો સાથે |
| ૯ | ૩/૯ | હરેશભાઇ ના નામના ગામ નમુના નં.૭/૧૨ |
| ૧૦ | ૩/૧૦ | હક્ક પત્રક નોંધ નં. ૮૮૬ |
| ૧૧ | ૩/૧૧ | હક્ક પત્રક નોંધ નં. ૮૮૭ |
| ૧૨ | ૩/૧૨ | હક્ક પત્રક નોંધ નં. ૮૯૧ |
| ૧૩ | ૩/૧૩ | હક્ક પત્રક નોંધ નં. ૧૩૪૬ |
| ૧૪ | ૩/૧૪ | જાહેર માહિતી અધિકારીનો પત્ર |
| ૧૫ | ૩૪/૧ | ફોટોગ્રાફસ |

**૨.** વાદીના દાવા તથા અરજી અન્વયે સમન્સ તથા નોટીસ ઈસ્યુ કરતા પ્રતિવાદીઓ તેમના વકીલશ્રી મારફત હાજર રહેલ છે અને પ્રતિવાદી નં. – ૧,૨ તથા ૪,૫ તરફે **આંક–૨૯** થી તથા પ્રતિવાદી નં.૩ નાએ **આંક–૩૦** થી દાવાનો જવાબ રજુ રાખેલ છે તેમજ **આંક–૩૯** થી પ્રતિવાદી નં.૩ નાએ વાદીની દરમ્યાન મનાઇ હુકમ મળવાની અરજી નો જવાબ રજુ રાખેલ છે.જયારે પ્રતિવાદી નં. ૧,૨,૪,૫ તરફે વાદીની દરમ્યાન મનાઇ હુકમની અરજીનો કોઇ જવાબ રજુ રાખેલ નથી.

**૩.** પ્રતિવાદી નં–૩ તરફે આંક–૩૦ થી દાવા અરજી તથા આંક–૩૯ થી વાદીની આંક–૫ ની અરજીનો જવાબ રજુ રાખી મુખ્યત્વે જણાવે છે કે,

૩.૧ વાદીએ વચ્ચગાળાની અરજીમાં માંગેલી દાદ મેળવવા તે કાયદેસર હકકદાર નથી.

૩.૨ વાદીએ વચ્ચગાળાની અરજીમાં જણાવેલું કે, જીવાભાઈ પાસે મિલ્કત હતી એ વાત ખરી છે.

૩.૩ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા–(૩)ના જવાબમા જણાવવાનું કે, આ પારામા જણાવેલ જામજોધપુરના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કાર્ટમાં ચાલેલા રેવન્યુ દિવાની મુકદ્દમા નંબરઃ ૬૫/૨૦૦૮માં જજમેન્ટ આવી ગયુ છે તે હકીકત ખરી છે. આમાં જણાવેલી જમીન વડિલોર્પાજીત જમીન હતી અને તેમા કાયદેસર રીતે પ્રતિવાદી નંબર–(૧), (૨) તથા (૫)ને સંયુક્ત હિસ્સો હતો. જીવાભાઈના નામની વડિલો પાર્જીત મિલ્કતમાંથી હરીશભાઈ (પ્રતિવાદી નંબર–૩)ના ભાગમાં જામજોધપુર તાલુકાના વસંતપુર ગામના રેવન્યુ સર્વે નંબર ૨૮૨ વાળી જમીન આવેલી હતી, જેથી રેવન્યુ સર્વે નંબર ૧૦૫૯ પૈકી–૩ વાળી જમીનમાંથી ભાયુભાગના હિસાબે આ જમીનમાંથી હરેશભાઈ (પ્રતિવાદી નંબર–૩)નો હિસ્સો ઉઠાવી લીધેલો છે.

૩.૪ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા–(૪)ના જવાબમાં જણાવવાનું કે અમો પ્રતિવાદી નંબર ૩ના પુત્રી રૂપાંગી વતી રજુઆત કરવાના વાદી નંબર ૧ને કોઈ અધિકાર નથી. અમો પ્રતિવાદી નંબર–૩ના પુત્રી રૂપાંગી પુખ્ત છે. વાદી નંબર ૧ની એ રજુઆત ખરી નથી કે, અમો પ્રતિવાદી નંબર ૩ના પુત્રી રૂપાંગીના ખાતામાં તેના નાનાબાપુએ ૧,૦૦,૦૦૦/–( અંકે રૂપીયા એક લાખ પુરા) મુકેલા તે અમો પ્રતિવાદી નંબર ૩એ રફેદફે કરી નાખેલા તેમજ વાદીની એ રજુઆત પણ ખરી નથી કે, વાદી નંબર ૧ના સોનાના દાગીના (આઠ તોલા) લઈ અમો પ્રતિવાદી નંબર–૩ના એ ગૃહ ત્યાગ કરેલો છે. અમો પ્રતિવાદી નંબર ૩ આ કામના વાદી સાથે સને ૨૦૧૮થી રહેતા નથી

તેની પાછળનું કારણ વાદી નં-૧નો અતિ કજીયાખોર સ્વભાવ છે. વાદી નં-૧નાએ તે વખતમા અમો પ્રતિવાદીને એવો અને એટલો ત્રાસ આપેલો હતો કેએ માનસિક ટ્રોમા તળે અમો પ્રતિવાદી આપઘાત કરવાની માનસીકતા ધરાવતા થઈ ગયા હતા. આ સંજોગોમા અમો પ્રતિવાદી પોતાનું રહેવાનું ઘર અને કમાણીનું સાધન ખેતી છોડી બરોડા મુકામે ગણેશ ફાફડા સેન્ટર, સોમા તળાવ, ડભોઈ વાઘોડીયા રીંગ રોડ વડોદરાના સરનામે રહીએ છીએ.

૩.૫ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા-(૫)ના જવાબમાં જણાવવાનું કે, આ પારામાં જણાવેલી જમીન અમો પ્રતિવાદીની કાયદેસરની માલીકીની છે અને આ જમીન અમો પ્રતિવાદીને અમારા પિતા તરફથી વારસાઈમાં મળેલી છે.અમો પ્રતિવાદીના પત્ની અને સંતાનો હોવાના કારણે આ જમીન અમો પ્રતિવાદીના વતી આ કામના વાદી વાવીને આવક મેળવીને ઘર ચલાવે તેમાં અમો પ્રતિવાદી નંબર-૩ વાળાને કોઈ વાંધો નથી.

૩.૬ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા-(૬)ના જવાબમાં જણાવવાનુ કે, વાદી નંબર ૧નો સ્વભાવ કજીયાખોર છે. મકાન છે એ વાદીના કબજામા છે, જેમા અમો પ્રતિવાદી નંબર-૩ના બાળકો અને વાદી રહે છે. દુકાન છે તેમાં વાદીનો કબજો નથી. આ પારામા જણાવેલી કબજાની હકીકત સાચી નથી તથા આ પારામા જણાવેલી ઐયાસ જીજીંદગી વાળી વાત તદ્દન ખોટી છે. આ પારામાં જણાવેલ કુલ મુખત્યારનામું આપેલ છે. એ અમો પ્રતિવાદીના કુટુંબની જરૂરીયાત મુજબ આપેલ છે.

૩.૭ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા-(૭)ના જવાબમાં જણાવવાનું કે, અમો પ્રતિવાદીના માલીકીની જમીન વસંતપુરની છે. તે જમીન મુળભુત રીતે વડીલો પાર્જીત છે અને તેમાં મારા સગા મોટાબાપા(મોટાકાકા)ના દિકરા ભરતભાઈ તથા નારણભાઈને ચાલવાનો હકક છે. પુર્વ શેઢેથી ઉતરથી દક્ષિણ તરફ હાલચાલનો ગાડા મારગનો હકક ધરાવે છે. અમોના પુર્વજોએ જરૂરીયાત મુજબ આપેલુ છે. જેમા વાદીનો કોઈ અધીકાર નથી.

૩.૮ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા–(૮)ના જવાબમાં જણાવવાનું કે, આ પારામા જણાવેલા પ્લોટ બધા ભાયુ ભેગા હતા ત્યારે તથા અમો પ્રતિવાદીના પિતાશ્રીના નામે વહીવટ ચાલતો હતો ત્યારે અમો ત્રણેય ભાઈઓના નામે લીધેલો. આ પ્લોટમા બે મકાન બને તેમ હતા તથા બે ભાઈઓનો સમાવેશ થઈ શકે તેમ હોય ત્યારે આ કામના પ્રતિવાદી નંબર ૧ રસીકભાઈએ આ પારામાં જણાવેલ પ્લોટમાંથી હકક ઉઠાવી લીથો અને આ દાવા અરજીના પારા–૯માં જણાવેલ પ્લોટ પ્રતિવાદી નંબર ૧ના નામે હતો, ત્યારે ઘરનો વહીવટ જીવાભાઈ ધનાભાઈ કારેણાના નામે ચાલતો હતો. પારા–(૮)ના જણાવેલ મકાનમાં અમે પ્રતિવાદી નંબર ૩ આ કામના વાદી અને કુટુંબ સાથે રહેતા હતા, આ દરમ્યાન વાદીના કંકાસીયા સ્વભાવના લીધે વાદીએ ઘર છોડેલ, આથી વાદી આ મકાનમાં વશવાટ કરે છે.

૩.૯ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા–(૯)ના જવાબમાં જણાવવાનું કે, ઉપરોકત પારા–(૮)માં જણાવેલ મકાનના બે ભાઈઓએ અલગ–અલગ હિસ્સા કરી લીધેલા છે તથા રશીકભાઈ (પ્રતિવાદી નંબર ૧)ના ભાગમાં આવેલ પ્લોટ રશીકભાઈએ પોતાની રીતે વેંચી કાઢેલ છે. અમો પ્રતિવાદી નંબર ૩ની સ્વતંત્ર મિલ્કત, મકાન તથા જમીન આવેલ છે.

૩.૧૦ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા–(૧૦)ના જવાબમાં જણાવવાનું કે, આ પારામાં જણાવેલ જમીન ઉપર કુલ નાની–મોટી મળીને કુલ ૧૦ દુકાનો આવેલી છે. તે પૈકી પાંચ(૫) દુકાનો અમો પ્રતિવાદીના પિતાએ પાથડી પધ્ધતીથી ભાડે આપી દીધેલી હતી, બાકીની એક દુકાન નંબર –૬ થી વેચાણ આપી દીધેલી, એક દુકાન પ્રતિવાદીને આપેલ, એક દુકાન જમનભાઈ (પ્રતિવાદી નંબર ૨) તથા બે(૨) દુકાન રશીકભાઈ (પ્રતિવાદી નંબર ૧) પાસે આવેલ છે, આ દુકાનો નો ઉપરનો ભાગ(આકાશી હકક) રશીકભાઈ તથા જમનભાઈ પાસે છે અને પાછળનો ભાગ રસીકભાઈ અને જમનભાઈના હિસ્સે આવેલ છે.

૩.૧૧ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા–(૧૧)ના જવાબમાં જણાવવાનું કે, દુકાનનો જે ભાયુભાગ પાડેલ છે, તે ભાયુભાગ અમો પ્રતિવાદીઓની સમજુતીથી થયેલ છે, અને તેમા કોઈ છળ–કપટ થયુ નથી.

૩.૧૨ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા– (૧૨)ના જવાબમાં જણાવવાનું કે, અમો પ્રતિવાદી નંબર ૩ના ભાગમાં જે મીલ્કત આવેલી છે તે મિલ્કતનો અમારે કોઈ વેચાણ કરવી નથી, પરંતુ અમારી જીદગી દરમ્યાન આ મિલ્કત જાળવી રાખવાનો હાલ અમારો પ્રતિવાદી નંબર (૩)નો હાલ ઈરાદો છે, અમો પ્રતિવાદી અમોની વૃધ્ધાવસ્થા દરમ્યાનનો, ભવિષ્યમાં કયારેક સંજોગોવસાત ઉભા થયા તો અને અમોનું જીવન ચલાવવા અન્ય વિકલ્પ ન હોય તો માત્ર અપવાદ રૂપ સંજોગોમાં અમારૂ શરીર ન ચાલતુ હોય ત્યારે આ મકાનનું વેચાણ કરીએ તો તે અલગ બાબત છે પણ હાલ અમો પ્રતિવાદીનો હાલ આવો કોઈ ઈરાદો નથી.

૩.૧૩ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા–(૧૦)ના જવાબમાં જણાવવાનું કે, અમો પ્રતિવાદીઓની મિલકતના ભાયુભાગ કરવામા આવેલ હતા. આ ભાયુ ભાગ હરેશભાઈ (પ્રતિવાદી નં.૩) જયારે સંયુકત કુટુંબમાથી જુદા થયા ત્યારે કરવામા આવેલ હતા. હરેશભાઈ પોતાનો ભાગ જુદો લઈ અલગ થયેલ હતા તે વખતે અમો પ્રતિવાદીઓના પિતા હૈયાત હતા. અને અમો પ્રતિવાદીના પિતાએ ઠરાવેલ ભાગ મુજબ ભાયુ ભાગ અલગ કરેલ અને તે રીતે અમો પ્રતિવાદી નં.(૧) અને પ્રતિવાદી નં.(૫)ના નામના દાવા અરજીમા જણાવેલ પ્લોટ આવેલા છે. આ ભાગની હકીકત અમોના પિતાની હાજરીમા ઠરાવવામા આવેલ હતી. અને તે મુજબ જીવાભાઈ ધનજીભાઈના સંતાનો વચ્ચે ભાયુની સમજુતીથી ભાગ કરવામા આવેલ છે.

૩.૧૪ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા–(૧૧)ના જવાબમાં જણાવવાનું કે, અવેજી રીલીઝ ડીડ નં. ૧૧૪૦, તા.૧૯/૦૯/૨૦૨૦ વાળુ અમો પ્રતિવાદીઓના ભાયુ ભાગની

સમજુતીના કરણે કરવામા આવેલ હતુ અને તેમા કોઈ છળ કપટ થયેલ નથી. વાદીએ અમો પ્રતિવાદી નં. (૧) વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરેલ. આવા આક્ષેપો ખરા નથી.

૩.૧૫ વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીના પારા-(૧૨)ના જવાબમાં જણાવવાનું કે, માકડીયા વાડીમા આવેલ મકાન અમો પ્રતિવાદીઓના પિતાને વારસાઈથી મળેલ હતુ અમો પ્રતિવાદીઓના માતા હૈયાત છે. અને અમે પ્રતિવાદીઓના માતા આ મકાનમા વસવાટ કરે છે. આ મકાન સંબંધમા અમારા પિતાના વખતથી મૌખીક સમજુતી થયેલ છે કે, જયા સુધી અમો પ્રતિવાદીઓના માતા હૈયાત રહે ત્યા સુધી આ મકાન અ પ્રતિવાદીઓના માતા દ્વારા ઉપયોગમા લેવાશે.અમો પ્રતિવાદીઓના માતાની હૈયાતી દરમિયાન કોઈ વારસદારોનો આ મકાનમા લેશ માત્ર હિત નહિ રહે. આથી આ મકાનમા અમો પ્રતિવાદીઓની વારસાઈ નોંધ થયેલ પરંતુ અમો પ્રતિવાદીઓના અલગ અલગ ભાગ કરેલ નથી. વિશેષ જણાવવાનુ કે, અમો પ્રતિવાદીઓ અમારા માતાની હૈયાતી સુધી આ મિલકતમાં કોઈ હકક ધરાવતા નથી.આ મકાન અમો પ્રતિવાદીઓના બાપ-દાદાની નિશાની છે આથી હાલ અમારો વિચાર આ મકાનના ભાગ પાડવાનો નથી, કે વેચાણનો નથી તેમ જણાવી વાદીની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજી રદ કરવા અરજ કરેલ છે.

**પ્રતિવાદી તરફે લેખીત દસ્તાવેજો**

| **ક્રમ** | **નિશાની** | **દસ્તાવેજોની વિગત** |
|---|---|---|
| - | - | - |

**૪.** વાદી તરફે આંક-૪૨ થી લેખીત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી.જયારે પ્રતિવાદીઓ તરફે તેમના વકીલશ્રી દવારા મૌખિક દલીલો કરેલ છે જે દયાને લીધી.

**૫.** આ કામે વચગાળાની મનાઈ હુકમની અરજી નિર્ણત કરતી વખતે કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત લક્ષમાં રાખી, આ અરજીના ન્યાયિક

નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ અમારી સમક્ષ ઉપસ્થિત થયેલ છે.

**<u>–મુદ્દાઓ–</u>**

૧. શું વાદીઓ પોતાનો પ્રથમદર્શનીય કેસ સાબિત કરે છે ?

૨. શું વાદીઓ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે તેવું સાબિત કરે છે ?

૩. શું વાદીઓ સાબિત કરે છે કે, માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો, નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

**૬.** આ કામે ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયો નીચે મુજબના છે.

**– <u>ન્યાયિક નિર્ણયો</u> –**

૧. અશંત :હકારમા

૨. અશંત :હકારમા

૩. અશંત :હકારમા

૪. આખરી હુકમ મુજબ.

**<u>મુદ્દા નંબર–૧ થી ૩ ની સંયુક્ત ચર્ચા</u>**

**૭.** ઉપરોક્ત ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય, પુનરાવર્તન ટાળવાના હેતુથી સહ સંયુક્ત ચર્ચા કરવામાં આવેલ છે.

**<u>પ્રસ્થાપિત સિદ્ધાંતોઃ</u>–**

૮. એ સર્વસામાન્ય સિદ્ધાંત છે કે, કામચલાઉ મનાઈહુકમ એ "સમન્યાય"ની દાદ છે અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યક્તિએ અદાલત સમક્ષ ચોખ્ખા, શુધ્ધ હાથે આવવું જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ બાબતો તેઓની તરફેણમાં સાબિત કરવાની રહે છે કે તેમનો પ્રથમદર્શનીય કેસ છે, પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ સિદ્ધ કરવાથી વાદી આપો–આપ કે જાતે કામચલાઉ મનાઈહુકમ મેળવવાપાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સાબિત કરવાની રહે છે કે, સગવડતાની તુલા

વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો, સામાપક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુકસાન જાય તેમ છે. આ ઉપરાંત અદાલતે પક્ષકારોની વર્તણૂંક તથા ડીલે અને લેચીસની હકીકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં અદાલતે કામચલાઉ મનાઈ હુકમની અરજી નિર્ણીત કે નક્કી કરતી વખતે એ હકીકત પણ વિચારણામાં લેવાની રહે છે કે, કામચલાઉ હુકમની દાદનો મુખ્ય ઉદ્દેશ, હેતુ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી "દાવાના વિષય વસ્તુની યથાવત પરિસ્થિત જાળવી" રાખવાનો છે. એટલે કામચલાઉ મનાઈ હુકમની દાદના તબક્કે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરૂપની ન હોવી જોઈએ કારણ કે, આખરી દાદ દાવાના અંતે કે આખરીમાં આપી શકાય અથવા ન પણ આપી શકાય. જ્યારે પક્ષકારો પોત–પોતાના હક્કો અંગે લડતા હોય અને તેમણે પોતાના હક્કો સ્થાયી કર્યા ના હોય તેવા વચગાળાના તબક્કે વચગાળાની દદા સાથે દાવો મંજુર થઈ જતો હોય તેવી દાદ પણ આપી શકાય નહીં. સાથે સાથે, અદાલતે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે, પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબ જ ગંભીર બાબત છે અને મનાઈ હુકમનો નિર્ણય કરતા પૂર્વે અન્ય પક્ષકારોને થનાર નુકશાન અને પડનારી મુશ્કેલીનો પણ વિચાર અદાલતે કરવાનો રહે છે. કાયદાનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત પણ લક્ષમાં લેવો જરૂરી છે કે, પ્રથમદર્શનીય કેસ અને પ્રથમદર્શનીય ટાઈટલ એ બંને હકીકતો એકબીજાથી જુદી છે અને પ્રથમદર્શનીય ટાઈટલ ઈન્સાફી કાર્યવાહીના અંતે પુરાવો લઈને નિર્ણીત કરવાનું રહે છે. વધુમાં, ઉપરોક્ત જે સિદ્ધાંતો દોહરાવવામાં આવેલા છે તે મુજબ પ્રથમદર્શનીય કેસ માટે અદાલતે એટલી હકીકત લક્ષમાં લેવાની રહે છે કે, વાદી તરફથી જે કથન કરવામાં આવેલ હોય અને વાદીની જે તકરાર હોય તેનો જવાબ આપવા માટે ઈન્સાફી કાર્યવાહી અને ન્યાયિક નિર્ણય જરૂરી છે કે કેમ ? અને વાદીનો દાવો વાહીયાત, વજુદ વગરનો અને ખોટી હકીકતના આધારે લાવવામાં આવેલ છે કે કેમ ? સાથે સાથે, અદાલતે એ બાબત પણ લક્ષમાં લેવાની છે કે,

પ્રથમદર્શનીય કેસ નક્કી કરતી વખતે દાવાના ગુણદોષ ઉપર નિર્ણય આપવાનો હોતો નથી. આ તમામ સિદ્ધાંતો ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે અદાલતને મળેલ વિવેકબુદ્ધિની સત્તાનો ઉપયોગ ન્યાયિક ધોરણે કરવાનો રહે છે.

<u>**ચર્ચાઃ**</u>**–**

૯. આમ, ઉપરોક્ત પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો લક્ષમાં લેતાં, શું આ કામેના વાદીઓ પ્રથમદર્શનીય પોતાનો કેસ પ્રસ્થાપિત કરેલ છે કે કેમ તે અન્વયે ચર્ચા કરીએ તો આ કામના વાદીનં–૧, પ્રતિવાદી નં.૩ ના પત્નિ થતા હોવાનું અને પ્રતિવાદી નં.૩ સાથે ના લગ્ન જીવનથી વાદીને પુત્રી રૂપાંગી અને પુત્ર કુષિત થયેલ હોવાની હકીકત તેમજ આ કામના પ્રતિવાદીઓ જીવાભાઇ ધનજીભાઇ ના વારસો થતા હોવાનું તેમજ  પ્રતિવાદી નં. ૧,૨ વાદીના દિયર અને પ્રતિવાદી નં. ૪ વાદીના સાસુ થતા હોવાનું અને પ્રતિવાદી નં. ૫ વાદીના નણંદ થતા હોવાનું તેમજ પ્રતિવાદીઓના પતિ તથા પિતા તેમજ વાદીના સસરા સને ૨૦૦૭ ના અરસામાં અવસાન પામેલ હોવાની હકીકત બિનતકરારી રહેલ છે.

**૧૦.** આ કામે વાદીના જણાવ્યા મુજબ વાદીના સસરા જામજોધપુર મુકામે રેવન્યુ સર્વે નંબર ૧૦૫૯ પૈકી ૩ વાળી ખેતીની જમીન ધારણ કરતા હતા અને તે ખેતીની જમીન બાબતે રસિકભાઇ જીવાભાઇ એ રસ્તા અંગે રે.દી.મુ.નં. ૬૫/૨૦૦૮ વાળો દાવો કરેલ હતો અને તે અરસામાં વાદીના પતિને આ રસ્તાના કારણે મારામારી થયેલ અને સદર દાવામાં પ્રતિવાદી હાજર ન રહેતા રસિકભાઇ તરફે જજમેન્ટ આવેલ અને રસ્તા અંગેનો વિવાદ હતો તે પ્રતિવાદીઓનો નથી તેવું ઠરાવી લક્ષ્મણભાઇ તથા તેના બે પુત્રો વિરુધ્ધ જામજોધપુર ની કોર્ટ એ મનાઇ હુકમ આપેલ છે અને આ જમીન પ્રતિવાદી નં.૧,૨ અને ૫ ના નામે ચાલે છે અને આ જમીનમાં હરેશભાઇ એ વાદીની જાણ બહાર વર્ષ ૨૦૦૯–૧૦ માં પોતાનો હક્ક ઉઠાવી લીધેલ છે અને આ જમીન બાબતે વિવાદ નથી. આમ વાદી વકીલશ્રીની આ દલીલના સંદર્ભમાં વાદીની દાવા અરજીની

તથા આંક–૫ ની અરજીની હકીકતો તથા સદર અરજીમાં માંગેલ દાદ ધ્યાને લેતા, જયારે વાદી ખુદ સદર જમીન બાબતે વીવાદ ન હોવાનુ જણાવતા હોય ત્યારે તે બાબતે અહી વધુ ચર્ચા કરવી ઉચીત જણાતુ નથી.

૧૧. વધુમાં પોતાની અરજી જણાવેલ છે કે હરેશભાઇના નામે આવેલ ખેતીની જમીન જામજોધપુર તાલુકાના વસંતપુર ગામના જુના રેવન્યુ સર્વે નંબર ૨૬ પૈકી ૧ જેના નવા રેવન્યુ સર્વે નંબર ૨૮૨ વાળી ખેતીની જમીન જીવાભાઇ પાસેથી આવેલ અને જીવાભાઇના વારસોએ આ જમીનમાંથી પોતાનો હક્ક ઉઠાવી લીધેલ છે. આમ, આ વડીલોપાર્જીત જમીનમાં વાદી અને તેના બે સંતાનો તથા હરેશભાઇનું સંયુકત હિત આવેલ છે અને જેનું રેવન્યુ રેકર્ડ હરેશભાઇના નામે ચાલે છે અને જેનો કબ્જો વાદીનો આવેલ છે. હવે વાદીની અરજી તથા દલીલના સંદર્ભમાં વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા દયાને લેતાં વાદી દવારા નિશાનિ ૩/૧ થી રજુ રાખેલ મજીયારી મિલકતનો વહેંચણીનો ફારગતિ દસ્તાવેજ દયાને લેતાં સદર દસ્તાવેજના આધારે આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ દસ્તાવેજમાં જણાવ્યા મુજબની વડીલોપાર્જીત મિલકત વહેંચણી કરેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં વાદી દવારા નિશાનિ ૩/૨ થી રજુ રાખેલ દસ્તાવેજ દયાને લેતાં પ્રતિવાદી નં. ૧ થી ૩ નાએ બિનખેતીમાં ફેરવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૨ ખરીદ કરેલ હોવાનું ફલિત થાય છે, તેમજ નિશાનિ ૩/૩ થી રજુ થયેલ પાવર ઓફ એટર્ની દયાને લેતાં જામજોધપુર તાલુકાના જામજોધપુર શહેરના પ્રતિવાદીઓની સંયુકત માલિકીની ખેતીની જમીન ખાતા નં. ૧૪૬૫ સર્વે નંબર ૧૦૫૯ પૈકી ૩ અન્વયે સદર જમીનના સહહિસ્સેદાર રસિકભાઇ જીવાભાઇને મુખત્યાર નિમેલ હોવાનું ફલિત થાય છે તેમજ નિશાનિ ૩/૪ થી રે.દી.મુ.નં. ૬૫/૨૦૦૮ ના કામે થયેલ અસલ હુકમનામું રજુ રાખેલ છે જે દયાને લેતાં જામજોધપુર મુકામેના રેવન્યુ સર્વેનંબર ૧૦૫૯ પૈકી ૩ વાળી જમીન પરત્વે મુખત્યાર દરજ્જે આ કામના પ્રતિવાદી નં.૧ નાએ કરેલ દાવામાં સદર દાવાના

પ્રતિવાદીઓને હાલવા ચાલવાનો હક્ક અધિકાર ન હોવાનું તેમજ પ્રતિવાદીઓ વાદીને વાવતા ખેડતા રોકે નહી તેવો મનાઇ હુકમ આપેલ હોવાનું ફલિત થાય છે. તેમજ નિશાનિ ૩/૫ તથા નિશાનિ ૩/૭ થી રજુ રાખેલ ગામ નમુના નંબર ૨ તથા પ્રોપર્ટી કાર્ડ દયાને લેતાં તેમાં ધારણકર્તા તરીકે હાલના પ્રતિવાદીનાઓના નામ આવેલ હોવાનું તથા નિશાનિ ૩/૮ થી ગામ નમુના નંબર ૬ તથા અન્ય રેવન્યુ રેકર્ડ રજુ રાખેલ છે જે દયાને લેતાં સર્વેનંબર ૧૦૫૯ પૈકી ૩ વાળી જમીનમાંથી વાદીના પતિ હરેશભાઇ તેમજ જીવાભાઇ ના અન્ય વારસોએ પોતાનો હક્ક હિસ્સો ઉઠાવેલ હોવાનું ફલિત થાય છે વધુમાં વાદી દવારા નિશાનિ ૩/૯ થી ગામ નમુના નંબર ૭/૧૨ રજુ રાખેલ છે જે દયાને લેતાં વસંતપુર ગામના સર્વે નંબર ૨૮૨ જેના જુના સર્વે નંબર ૨૬ પૈકી ૧ વાળી ખેતીની જમીન આ કામના પ્રતિવાદી નં.૩ હરેશભાઇ જીવાભાઇ સગરના નામે નોંધ નંબર ૧૩૪૬ થી નોંધાયેલ હોવાનું નિશાનિ ૩/૧૩ થી રજુ થયેલ હક્ક પત્રકથી ફલિત થાય છે. આમ, દાવાવાળી વાદગ્રસ્ત મિલકતો પૈકી વસંતપુર ગામે આવેલ ખેતીની જમીન સર્વે નંબર ૨૮૨ આ કામના પ્રતિવાદી નં.૩ હરેશભાઇ જીવાભાઇના નામે આવેલ હોવાનું પ્રથમદર્શનીય ફલિત થતુ હોય અને વાદિએ હાલની અરજી અનવયે માંગેલ દાદ ધ્યાને લેતા વાદિએ સદર સર્વે નંબર ૨૮૨ વાળી ખેતી ની જમીન સીવાય અન્ય કોઈ મીલ્કત અનવયે દાદ માંગેલ ન હોય ત્યારે અરજીમાં જણાવેલ અન્ય મીલ્કત અનવ્યે વિશેષ ચર્ચા કરવી આ તબ્બકે આવશ્યક જણાતી નથી.

**૧૨.** હવે વાદીની અરજીની હકીકતો ધ્યાને લેતા વાદી જણાવે છે કે, સદર વસંતપુરની રે.સ.નં-૨૮૨ વાળિ જમીન અન્વયે પ્રતિવાદીનં-૧ રસ્તાના હકક મુખત્યારનામાના આધારે ત્રાહીત આસામીને વેચાણ આપી ત્રાહીત વ્યકતીનુ હીત ઉભુ કરવા ધમકી આપતા અને સદર જમીન તથા રામવાડીનુ મકાન વાદી તથા તેના બે સંતાનોની આજીવીકાનો આશ્રય સ્થાન હોય અને પ્રતિવાદીનં-૩ નો ઉપયોગ કરી તેમા રસ્તાના હકકનુ વેચાણ પ્રતિવાદીઓ સંયુકત

વિભકત કે મુખત્યાર દરજજે કરી આપે તો વાદીને નાણામા ભરપાઇ ન થાય તેવુ નુકશાન થાય તેમ છે અને અન્ય આસામીનો રસ્તાનો હક્ક ઉભો થાય તો વાદીને મિલ્કતના ઉપભોગમા સતત મુશ્કેલી પડે તેમ છે અને સદર મિલ્કત આઠ કરતા વધુ વર્ષથી માલીકીની રુએ ભોગવતા હોય વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે અને અને સગવડની સમતુલા પણ વાદીની તરફેણમાં છે, વધુમાં જણાવેલ છે કે, આ રસ્તાનુ વેચાણ ન થાય તો પ્રતીપક્ષને કોઇ પુર્વગ્રહ થાય તેમ નથી કે મિલ્કતના માલીકીના હક્કોમાં કોઇ હસ્તક્ષેપ થાય તેમ નથી જયારે વેચાણ થાય તો વાદીના શેઢા પાડા વિખાય જાય અને વાદીને પારાવાર હાડમારીનો સામનો કરવો અને જમીનનુ લેવલ ફરી જાય અને વાદીને પારાવાર હાડમારીનો સામનો કરે જેથી વાદીનો પ્રથમદર્શનીય કેસ છે, હવે આ સંદર્ભમાં વાદી દવારા જે મુખત્યારનામાનો ઉલ્લેખ કરેલ છે તે ની.૩/૩ થી મુખત્યારનામુ ધ્યાને લેતા સદર મુખત્યારનામામાં હાલના વાદીના પતિ અને પ્રતિવાદીનં-૩ રસીકભાઇનાએ તેમજ અન્યએ આ કામના પ્રતિવાદીનં-૧ ની તરફેણમાં તેઓની સંયુકત માલીકીની ખેતીની જમીન રે.સ.નં-૧૦૫૯/૩ અનવ્યે કોર્ટ તથા રેવન્યુ કાર્યવાહી માટે તા.૧૮/૦૮/૨૦૦૮ ના રોજ મુખત્યારનામુ કરી આપેલ હોવાનુ ફલીત થાય છે પરંતુ સદર મુખત્યારનામામાં વસંતપુરની રે.સ.નં-૨૮૨ વાળી ખેતીની જમીનનુ વેચાણ કે વહીવટ કરવાની સત્તા આપેલ પ્રતીવાદી ન. ૦૧ને અપાયેલ હોય તેવું હોવાનુ જણાતુ નથી. જેથી વાદીના જણાવ્યા મુજબ પ્રતિવાદીનં-૩ના મુખત્યારનામાના આધારે પ્રતિવાદીનં-૧ સદર ખેતીની જમીન પરત્વે ત્રાહીત આસામીને વેચાણ અપી ત્રાહીત વ્યકતીનુ હીત ઉભુ કરવા ધમકી આપતા હોવાની હકીકત માની શકાય તેમ નથી.

૧૩. આ કામે પ્રતિવાદીનં-૩ ના તરફે આંક-૩૯ થી રજુ થયેલ જવાબ ધ્યાને લેતા તેઓની માલીકીની વસંતપુરની જમીન વડીલોપાર્જીત હોવાનુ અને તેમા તેમના મોટાબાપા (મોટાકાકા)ના દીકરા ભરતભાઇ તથા નારણભાઇને ચાલવાનો હકક હોવાનુ અને

પુર્વ શેઢે ઉતરથી દક્ષીણ તરત હાલચાલનો ગાડા મારગનો હકક ધરાવતા હોવાનુ અને તેઓના પુર્વજોએ જરૂરીયાત મુજબ આપેલ હોવાનુ જેમા વાદીનો કોઇ અધીકાર નથી તેમ જણાવેલ છે. આમ વસંતપુરની જમીન વડીલોપાર્જીત હોવાનુ રેકર્ડ પર આવે છે. તેમજ સદર વાદગ્રસત જમીન હાલ વાદી ખેડી, વાવી આવક મેળવી ઘર ચલાવતા હોવાનુ પ્રતિવાદી નં–૩ નાએ સ્વીકારેલ છે. તેમજ પ્રતિવાદીનં–૩નાઓને વાદી નં. ૧ સાથેના લગ્ન જીવનથી એક પુત્રી રૂપાંગી તેમજ એક પુત્ર કૃષીત થયેલ હોવાનુ રેકર્ડ પર આવેલ છે આમ વાદી નં. ૧ તથા પ્રતિવાદી નં.૩ પતિ–પત્ની થતા હોવાનુ અને સને–૨૦૧૮ થી અલગ અલગ રહેતા હોવાનું પણ રેકર્ડ પર આવેલ છે, હવે વાદી નં. ૧ એ વચગાળાનો મનાઇ હુકમ માંગેલ હોય ત્યારે કાનુની પરીસ્થીતી ધ્યાને લેતા કોઇ સ્ત્રી પોતાના પતિની મિલ્કતમાં તેમની હયાતી દરમ્યાન ભાગ માંગી શકતી નથી સીવાય કે, તેમને કોઇ ગીફટ, વીલ કે કુટુંબી કોઇ સમજુતી મુજબ કે અન્ય રીતે કોઇ ભાગ આપવામાં આવેલ હોય,પરંતુ ભારતીય ઉતરાધીકાર કાયદાની કલમ–૬ માં સને–૨૦૦૫ માં થયેલ સુધારા મુજબ પુત્રીને તેના પિતાની મીલ્કતમાં પુત્ર જેટલો જ સમાન અધીકાર આપવામાં આવેલ છે આ કામે પ્રતિવાદી નં–૩ ની પુત્રીને આંક–૨૪ ની અરજી અન્વયે વાદી નં–૨ તરીકે જોડવામાં આવેલ છે. આમ સદર વસંતપુરની રે.સ.નં–૨૮૨ વાળિ ખેતીની જમીન વડીલોપાર્જીત આવેલ હોવાનુ રેકર્ડ પર આવેલ હોય ત્યારે વાદી નં–૨ તથા વાદી તથા પ્રતિવાદીનં–૩ ના પુત્ર કૃષીત જન્મથી જ વડીલોપાર્જીત મિલ્કતમાં ભાગ મેળવવા હકકદાર બનેલ હોય તેમજ સદર વાદગ્રસત જમીન અંગે રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતા હાલ રેવન્યુ રેકર્ડમાં સદર વાદગ્રસત વસંતપુરની રે.સ.નં–૨૮૨ વાળિ ખેતીની જમીન પ્રતિવાદી નં–૩ એટલે કે વાદીના પતિના એકલાના નામે આવેલ હોય આ કામે વાદીઓએ દાવામા જણાવેલ મિલકત અન્વયે વિભાજન કરી હીસ્સો અલગ કરવા માટે દાવો લાવેલ હોય વાદી તથા પ્રતિવાદીનં–૩ ના સંતાનોનો સદર વડીલોપાર્જીત મીલકતમાં હિંદુ

ઉતરાધિકારના કાયદા મુજબ જન્મથી હકક ઉપસ્થીત થયેલ હોય અને પ્રતિવાદી હ્રારા પોતાના જવાબમાં સદર વસંતપુરવાળી જમીનમાં પ્રતિવાદી નં–૩ ના સગા મોટા બાપા (મોટા કાકા)ના દીકરા ભરતભાઈ તથા નારણભાઈ ને ચાલવાનો હકક હોવાનુ અને પુર્વ શેઢે થી ઉતર થી દક્ષીણ તરફ હાલચાલનો ગાડા મારગનો હકક તેઓના પુર્વજોએ જરૂરીયાત મુજબ આપેલ હોવાનુ જણાવેલ હોય પરંતુ સદર વસંતપુર વાળિ રે. સં. નં–૨૮૨ વાળી જમીનમાં પ્રતિવાદી નં–૩ના જણાવ્યા મુજબ તેમના મોટાબાપાના દીકરાઓને ચાલવાનો હકક હોવા બાબતે તેમજ સદર જમીનમાં પુર્વ શેઢે થી ઉતર થી દક્ષીણ તરફ હાલચાલનો ગાડા મારગનો હકક ધરાવે છે તે દર્શાવવા કોઈ પુરાવો રજુ રાખેલ ન હોય તેવા સંજોગોમાં પ્રતિવાદી વાદીના જણાવ્યા મુજબ સદર જમીનમાં ગાડા મારગનુ વેચાણ કરવા તજવીજ કરતા હોવાનુ પ્રથમદર્શનીય માનવા લાયક જણાય છે. વધુમાં કાયદાના સ્થાપીત સીધ્ધાંતો ધ્યાને લેતા સહમાલીકોની જમીન અન્વયે જો કોઈ એક વ્યકતી કબ્જો ધરાવતો હોય તો તે તમામ વતી કબ્જો ધરાવે છે તેવુ માનવાનુ રહે છે, આ કામે સદર વાદગ્રસત મીલ્કત અન્વયે વાદી નં–૨ તથા વાદીના પુત્રનો હીસ્સો જન્મથી આવેલ હોય સદર જમીન અન્વયે વાદીના જણાવ્યા મુજબ રસ્તાનુ વેચાણ થાય તો મલ્ટીસીપ્લીટી ઓફ પ્રોસીડીંગ ઉપસ્થીત થાય તેમ હોય અને દાવા ચાલતા દરમ્યાન મનાઈ હુકમ આપવાનુ એક કારણ વીવાદીત જમીનમાં દાવો ચાલતા દરમ્યાન રક્ષણ કરવાનુ પણ રહેલ હોય, આ કામે વાદી તથા પ્રતિવાદીનં–૩ અલગ રહેતા હોવાનુ અને વાદી સદર વસંતપુરની રે.સ.નં–૨૮૨ વાળી ખેતીની જમીન ખેડી વાવી ઉપજ મેળવતા હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાતુ હોય તેવા સંજોગોમાં વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાય છે. વધુમાં પ્રતિવાદી નં–૩ દવારા સદર ખેતીની જમીન પરત્વે રસ્તાનુ વેચાણ કરે તો વાદી નં–૨ તથા વાદીના પુત્રના હકક હિત પર અસર થાય તેમ હોય, તેવા સંજોગોમાં સગવડતાની સમતુલા અને ઈરીપેરેબલ લોસનો મુદદો પણ વાદીની તરફેણમાં જણાય છે, આ

કામે પ્રતીવાદીના જણાવ્યા મુજબના આસામીઓનો સદર દાવાવાળી જમીનમાં ગાડામાર્ગનો હક્ક આવેલ છે કે કેમ તે હાલના તબ્બકે નિર્ણિત થઇ શકે તેમ ન હોય તેમજ પ્રતીવાદી ન.૩ સદર મિલ્કત હાલ વેચાણ કરવા માંગતા ન હોવાનુ પોતાના જવાબમા જણાવેલ હોય આ કામે સદર કેસની હકીકતો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા હાલની અરજીમાં જણાવેલ વસંતપુર ગામની ખેતીની જમીન રે.સ.નં−૨૮૨ હે.૧−૫૯−૮૭ આકાર વાળિ હાલ દાવા ચાલતા દરમ્યાન યથાવત સ્થીતીમાં જાળવી રાખવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય જેથી ઉપરોકત ચર્ચાના અંતે **મુદા નં−૧ થી ૩** નો જવાબ અશંત:હકારમાં ઠરાવી **મુદા નં−૪** અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**−હુકમ−**

૧. વાદીઓની આંક−૦૫ ની દીવાની કાર્યરીતિ અધિનિયમની કલમ−૧૫૧ તથા આદેશ−૩૯, નિયમ−૧, ૨ અન્વયેની હાલની અરજી આથી **"અશંત:મંજુર"** કરવામાં આવે છે.

૨. આ કામના પક્ષકારોએ દાવાના આખરી નીકાલ થતા સુધી જામજોધપુર તાલુકાના વસંતપુર ગામના રે.સ.નં−૨૮૨ હે.૧−૫૯−૮૭ આકાર−૫−૪૯ વાળિ ખેતીની જમીન યથાવત સ્થીતીમાં જાળવી રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૩. ખર્ચ દાવાના આખરી પરિણામ ને અનુસરશે.

**આજરોજ તારીખ−૧૭ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.**

જામજોધપુર.
તા.૧૭/૦૬/૨૦૨૬

(એન.આર.ગોહેલ)
પ્રિન્સીપાલ સિવિલ જજ
જામજોધપુર.
જીજે ૦૧૫૮૪